ગાંધીનગરમાં ૩ બુથોમાં ૧૦૦ કરતાં ઓછી મહિલાઓએ મતદાન કર્યું

ગાંધીનગર-કલોલમાં ૧૭ બુથોમાં મહિલાઓએ પુરૂષ કરતાં વધુ મતદાન કર્યું : કલોલમાં ૧૫ બુથમાં ૮૦ ટકા કરતાં વધુ મતદાન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં મતદાન પછી અંક વિશ્લેષકો કામે લાગ્યા છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર હાઈપ્રોફાઈલ જંગ હોવાથી આ બેઠક પર ચાલી રહેલ વિશ્લેષણમાં આજે ઘણી વાતો નવી જાણવા મળી છે. ગાંધીનગર બેઠક પર દેશના તમામ રાજકીય નેતાઓની નજર મંડાયેલી છે. આ બેઠક પર વિજેતાની લીડને લઈ શરતો પણ લાગી રહી છે. જે નવી વાતો બહાર આવી છે તેમાં ગાંધીનગર બેઠકમાં સમાવિષ્ટ ગાંધીનગર (ઉ) અને કલોલ વિધાનસભા બેઠકની કેટલીક રોચક વાતો જાણવા મળી છે.

મતદાનનું વિશ્લેષણ

- કલોલ વિધાનસભા મતવિસ્તારમાં સૌથી ઓછુ મતદાન ૨૧૮ નં.નું બુથ જે વડસર-૩ છે તેમાં ૪૪.૨૬ ટકા મતદાન નોંધાયુ છે. જ્યારે સૌથી વધુ મતદાન ભોંયણ મોટીના બુથ નં. ૬માં ૮૭ ટકા કરતાં વધુ મતદાન નોંધાયુ છે.
- કલોલ વિધાનસભા મતવિસ્તારમાં ૧૫ બુથોમાં ૮૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયુ છે.
- આજ વિધાનસભામાં ૭૪ બુથ એવા છે જ્યાં ૭૦ ટકાથી વધુ પણ ૮૦ ટકાથી ઓછુ મતદાન નોંધાયુ છે.
- ગાંધીનગર (ઉ) બેઠકમાં ૧૪ બુથ એવા છે જ્યાં પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારોએ વધુ મતદાન કર્યુ છે. કલોલ વિધાનસભામાં ૩ મતદાન મથક એવા છે જ્યાં મહિલાઓએ પુરૂષ કરતાં વધુ મતદાન કર્યું છે.
- કલોલ વિધાનસભામાં નોંધાયેલા મતદારો પૈકી ૭૧.૪૦ ટકા પુરૂષ મતદારોએ મતદાન કર્યુ છે જ્યારે ૬૩.૨૭ ટકા મહિલા મતદારોએ મતદાન કર્યું છે.
- ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયેલ મતદારો પૈકી ૬૫.૩૫ ટકા પુરૂષ મતદારોએ અને ૫૯.૨૬ ટકા મહિલા મતદારોએ મતદાન કર્યુ છે.
- આ સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ મતદાન સાણંદ બેઠક પર જ્યારે સૌથી ઓછુ મતદાન ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયુ છે.
- ગાંધીનગર (ઉ) બેઠક પર ૩ બુથ એવા છે જ્યાં ૧૦૦થી પણ ઓછી મહિલાઓએ મતદાન કર્યું છે.

ગાંધીનગરમાં વીજદરમાં વધારો

યુનિટ દીઠ ૨૯ પૈસાનો વધારો : ગરમીમાં ઠંડા રહેવા ખિસ્સા ગરમ રાખવા પડશે : ગ્રાહકો પાસેથી વસુલતા મિનિમમ ફિક્સ ચાર્જમાં પણ વપરાશ મુજબ બીલ વસુલાતુ નથી

ગાંધીનગર તા ૨૫

વિજ વપરાશમાં યુનિટ દીઠ રૂ ૨૯ પૈસાનો ભાવ વધારો કરવામાં આવ્યો છે. જયારે આ ભાવ વધારાના લીધે પ્રતિ બે માસ આવતા વિજબીલમાં પણ ફેરફાર જોવા મળશે . હાલ ગરમીની સિઝનમાં ઠંડા ઠંડા કુલ કુલ રહેવા માટે ઘરે ઘરે એ સી ધમધમી રહ્યા છે ત્યારે યુનિટ દીઠ વપરાશમાં ભાવ વધારો થયો હોવાની વાત પ્રકાશમાં આવતા ગ્રાહકોના મોં વંકાયા છે. ઓછામાં ઓછો ફિકસ ચાર્જ વસુલવાની વાત પણ હજુ અધ્ધરતાલ છે.બીજીતરફ યુનિટના વપરાશમાં ભાવ વધારો ગ્રાહકો માટે રોષનુ કારણ બનશે.

ગાંધીનગરમાં ગરમી એકબાજુ વધી રહી છે. દિવસ ઉગતા જ આકાશમાંથી અંગારા વરસવાનુ શરૂ થાય છે .ત્યારે ગરમીમાં ઠંડા કુલ રહેવા માટે શહેરના મોટાભાગના ઘરોમાં એ સી તેમજ એરકુલર સહીતના ઉપકરણોનો મહત્તમ ઉપયોગ થાય છે. પરંતુ આકરી ગરમીમાં ઠંડા થવુ હવે વધુ મુશ્કેલ બને તેવી સ્થિતિ સર્જાઇ છે. ટોરેન્ટ પાવર દ્વારા વિજળીના યુનિટમાં ૨૯ પૈસાનો વધારો કરી દીધો છે. જેના લીધે વિજળીના યુનિટ દીઠ વપરાશ મુજબ નગરજનોએ વિજબીલમાં પણ વધારો વેઠવો પડશે. હાલ ગરમીના દિવસોમાં લાઇટ પંખા અને એર કુલર સહીત એ સી નો ઉપયોગ પણ વિશેષ રીતે વધી ગયો છે. ત્યારે આમ પણ લાઇટ બીલ ખિસ્સાને પોષાય તેવુ રહ્યુ નથી. ગરમીમાં ઠંડા રહેવા માટે પ્રત્યેક ઘરોમાં એ સી ધમધમી રહ્યા છે. જયારે મોટાભાગના ઘરોમાં એક થી વધુ એસી નો વપરાશ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં સામાન્ય દિવસો કરતા ગરમીના દિવસોમાં વિજળીનો વપરાશ વધુ થાય છે. ત્યારે આ વિજળીના યુનિટ દીઠ રૂ ૨૯ પૈસાનો ભાવ વધારો કરી દેવાતા નગરજનોનુ મોં પણ વંકાયુ છે.

આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ હતુ કે મહામંડળ દ્વારા અગાઉ પણ જર્કમાં રજુઆત કરવામાં આવી હતી.જેમાં જણાંવ્યા મુજબ મિનિમમ ફીક્સ ચાર્જમાં પણ વપરાશ મુજબ પૈસા વસુલવા જોઇએ પરંતુ આવુ થતુ નથી. જેના લીધે ગ્રાહકોએ વધુ પૈસા ચુકવવા પડે છે. જર્કમાં આ મામલે રજુઆત પણ કરવામાં આવી છે. ગરમીના દિવસોમાં એકબાજુ વિજળીનો વપરાશ વધવાની સાથે ફરિયાદો પણ વધી છે. જયારે વધતા વિજવપરાશની સાથે યુનિટ દીઠ રૂ ૨૯ પૈસાનો ભાવ વધારો પણ નગરજનો માટે આર્થિક બોજરૂપ બનશે.

ગરમાળો, ગુલમહોર અને ગાંધીનગર - ગાંધીનગરમાં ગ્રીષ્મનો અનોખો મીજાજ હોય છે... ગુલમહોર અને ગરમાળાના નયનરમ્ય પુષ્પોથી નગરના માર્ગોનું સૌંદર્ય વધી જાય છે... ગરમાળાના પીળા પુષ્પો ગ્રીષ્મમાં સોળેકળાએ ખીલે છે... આયુર્વેદિક વિજ્ઞાનમાં ગરમાળાનો મહિમા અનોખો છે... ગરમાળા પુષ્પો જ્યારે આકાશ સાથે તાલ મીલાવે છે ત્યારે અદ્યભૂત દૃશ્યરચના બને છે...

ગાંધીનગર ગૌરવ એવૉર્ડ માટે કલ્ચરલ ફોરમે જ્યુરીની રચના કરી

નગરના આગેવાનોનો જ્યુરીમાં સમાવેશ : આ શ્રેષ્ઠીઓ ગાંધીનગર ગૌરવ એવોર્ડ માટે વ્યક્તિ પસંદગી કરશે

ગાંધીનગર, તા.૨૫

કોઇપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ કે નોંધપાત્ર સફળતા હાંસલ કરીને ગાંધીનગરની બહાર રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વમાં ગાંધીનગરનું નામ રોશન કરનાર વિશિષ્ટ પ્રતિભાઓને ગાંધીનગર કલ્ચરલ ફોરમ 'ગાંધીનગર ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના પ્રબુદ્ધ વડીલ આગેવાનોની જ્યુરીની રચના કરવામાં આવી છે, જે આ એવોર્ડ માટે વિશિષ્ટ પ્રતિભાઓની પસંદગી કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ રજતજયંતી વર્ષની ઉજવણી 'પ્રસન્નતા પર્વ' તરીકે કરી રહ્યું છે ત્યારે ગાંધીનગરનું નામ રોશન કરનાર પ્રતિભાઓનું પણ સન્માન કરીને પોતાના પનોતા પુત્ર-પુત્રીઓની સફળતા-સિદ્ધિ પ્રત્યે પ્રસન્નતાની અભિવ્યક્તિનો આ ઉપક્રમ છે, ભવ્ય સમારોહનું આયોજન કરીને 'ગાંધીનગર ગૌરવ' પુરસ્કાર એનાયત કરાશે.

'ગાંધીનગર ગૌરવ' એવોર્ડ માટે યોગ્ય વ્યક્તિની પસંદગી કરવા માટે ગાંધીનગરના પ્રબુદ્ધ આગેવાનો શ્રી અરૂણભાઇ બુચ (પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, ફોન : ૯૮૨૫૦ ૧૮૧૩૪ અને ૦૭૯-૨૩૨૬૦૩૭૦), શ્રી શૈલેષભાઇ પંડ્યા (અગ્રણી શિક્ષક, ફોન : ૯૮૭૯૫ ૨૧૭૭૫) ગિરાબેન પટેલ (અગ્રણી સમાજ સેવિકા, ફોન નં.૯૮૨૪૦ ૩૬૨૬૬ અને ૦૭૯-૨૩૨૨૫૧૧૪) શ્રી જયરાજસિંહ સરવૈયા (અગ્રણી કલાગુરૂ, ફોન : ૯૮૨૫૨ ૫૩૯૩૩) અને શ્રી પ્રકાશ લાલા (ઉપાધ્યક્ષ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, ફોન : ૯૪૨૬૦ ૮૪૬૩૨)ની જ્યુરી તરીકે વરણી કરવામાં આવી છે. આ આગેવાનો એવોર્ડ માટે વિશિષ્ટ પ્રતિભાઓની પસંદગી કરવામાં પોતાની સેવાઓ આપશે.

જે વ્યક્તિ પોતાને 'ગાંધીનગર ગૌરવ' એવોર્ડ માટે યોગ્ય માનતી હોય તે વ્યક્તિ જાતે પણ સિદ્ધિ-સફળતાની વિગતો સાથે પોતાનો બાયોડેટા આ જ્યુરીના કોઈપણ સભ્યને મોકલી શકે છે. ગાંધીનગરના જાગૃત નાગરિકો પણ આ એવોર્ડ માટે યોગ્ય વ્યક્તિઓના નામના સૂચનો મોકલી શકે છે. આ માટેની આખરી તારીખ ૧૫ મી મે,૨૦૧૯ નિયત કરવામાં આવી છે.યોગ્ય પ્રતિભાઓની પસંદગી થાય એ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ પ્રતિબદ્ધ છે.

જિલ્લાના ૬ હજાર વિદ્યાર્થીઓ આજે ગુજકેટની પરીક્ષા આપશે

ગાંધીનગરની ૨૯ શાળાઓમાં બેઠક વ્યવસ્થા : ગેરરીત ન થાય તે માટે સી સી કેમેરા ઉપરાંત સ્થાનિક સ્કોવોર્ડ પણ રાઉન્ડ લેશે : વિદ્યાર્થીઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થા રાખવા પણ સુચના

ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરીક્ષા લેવાશે. આ પરીક્ષામાં એ અને બી ગૃપમાંથી જિલ્લાના ૬ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી નગરની ૨૯ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ પણ પરીક્ષા સ્થળો પર રહેશે.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ અને બી ગૃપના વિદ્યાર્થીઓ માટે ડિગ્રી એન્જિનિયરીંગ તેમજ ડિપ્લોમાં ડિગ્રી ફાર્મસી માં પ્રવેશ મેળવવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરાયુ છે.તા ૨૬ મેં ના રોજ સવારે ૧૦ કલાકથી દિવસ દરમિયાન વિવિધ ત્રણ તબક્કામાં જુદા જુદા વિષયોની પરીક્ષા લેવાશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. આ માટે શહેરની ૨૯ જેટલી શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિક સ્કોવોર્ડ તેમજ વિજિલન્સની ટીમના સભ્યો પણ પરીક્ષાની કામગીરી પર નજર રાખશે. ગેરરીતીના બનાવો અટકે તે માટે

● અનુસંધાન પાન-૭ પર

ચૂંટણીની ફરજો બજાવવામાં આજે વધુ એક કર્મચારી બિમાર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ચૂંટણી શાખામાં ઓપરેટર તરીકે ફરજો બજાવતી એક મહિલા કર્મચારીને હીટસ્ટ્રોક લાગતાં ચક્કર આવી પડી જતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

આજે બપોરે ૧ વાગ્યાના સુમારે આ ઘટના બની હતી. છેલ્લા ચાર દિવસથી ચૂંટણીની ફરજો બજાવતા કર્મચારીઓની બિમારીએ તંત્રને દોડતુ કરી દીધુ છે.

૨૨મીએ પોલિંગ ઓફિસર-૧ને હૃદયરોગનો હુમલો તો બીજા દિવસે મતદાન દરમ્યાન એક પ્રિસાંઈડીંગ ઓફિસરને ગભરામણ થવાની ઘટના તો ગઈકાલે ઘાટલોડિયાના એ.આર.ઓ. પણ સ્કુટીની દરમ્યાન બિમાર થઈ ગયા હતા.

આજે ચૂંટણી શાખામાં ઓપરેટર તરીકે ફરજો બજાવતી એક મહિલા કર્મચારી સનસ્ટ્રોકને કારણે પડી ગઈ હતી.

હોસ્પિટલમાં સારવાર માટે તેણીનીને લઈ જવામાં આવી હતી જ્યાં દિવસ દરમ્યાન સારવાર આપવામાં આવ્યા બાદ રજા આપવામાં આવી છે.

ચાર દિવસમાં ચાર કર્મયોગીની તબિયત લથડતાં આજે તંત્ર ચિંતાતુર બની ગયુ હતુ. ઘટનાની જાણ થતાં અધિક નિવાસી કલેક્ટર સહિતના અધિકારીઓ ત્રીજા માળે દોડી ગયા હતા.

વૈષ્ણોદેવી સર્કલ પર વિદેશની પેટર્ન પર થ્રી લેયર ટ્રાફિક સિસ્ટમ ડેવલપ કરાશે

ઓવર બ્રિજની સાથે અન્ડર પાસ પણ બનશે : બ્રિજ પુર્વે અન્ડર પાસનુ કામ હાથ ધરાશે : થ્રી લેયર ટ્રાફિક સિસ્ટમના લીધે વાહનોની અવરજવર વધુ સરળ બનશે



ગાંધીનગર તા ૨૫

ચિલોડા સરખેજ હાઈવેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જયારે રૂટમાં આવતા અન્ડર પાસ માટે પણ ડિઝાઈન તૈયાર કરી દેવાયા બાદ ટુંકમાં કામગીરી પણ શરૂ કરી દેવાશે.જયારે આ રૂટના કેટલાક ખાસ જંકશન પર થ્રી લેયર ટ્રાફિક સિસ્ટમ ડેવલપ કરાશે. વિદેશની પેટર્ન પર આધારિત આ ટ્રાફિક સિસ્ટમના લીધે વાહનોની અવરજવર વધુ સરળ બનશે. વૈષ્ણોદેવી સર્કલ પર ઓવરબ્રિજની સાથે અન્ડર પાસ પણ બનાવાશે.

ચિલોડા સરખેજ હાઈવેનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. જયારે આ પ્રોજેક્ટ અન્વયે ટુંકમાં ઓવર બ્રિજનુ કામ પણ શરૂ કરી દેવાશે. ઓવર બ્રિજના નિર્માણ માટેની ડિઝાઈન પણ તૈયાર કરી દેવાઈ છે. આગામી ૧૫ દિવસમાં બ્રિજનુ કામ પણ હાથ ધરાશે. ચિલોડા સરખેજ હાઈવે પર ખાસ કરીને એસ જી હાઈવેના રૂટમાં આવતા કોસ

● અનુસંધાન પાન-૭ પર

ચૂંટણી પરિણામ પછી રૂપાણી સરકાર અને ભાજપ સંગઠનમાં ફેરફારોની સંભાવના

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પરિણામો પછી મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકાર અને રાજયના પ્રદેશ માળખામાં ફેરફારો થવાની સંભાવના છે. ભાજપનો દાવો છે કે પાર્ટીને ૧૬ બેઠકો મળશે જ્યારે કોંગ્રેસે દાવો કર્યો છે કે તેને ૧૫ બેઠકો મળશે. ૨૩મી મે ના રોજ જયારે મતગણતરી થશે ત્યારે મતદારોએ આપેલા મતો દર્શાવશે કે કઇ પાર્ટીને કેટલી બેઠક મળી છે.

પાર્ટીના ટોચના સૂત્રો કહે છે કે ગુજરાતમાં ભાજપને તમામ બેઠકો નહીં મળે તો સરકાર અને સંગઠનમાં પરિવર્તન કરવામાં આવશે. રાજ્યમાં કોંગ્રેસને પાંચ થી સાત બેઠકો મળશે તો પણ ભાજપમાં આ ફેરફારો નિશ્ચિત છે. રૂપાણી સરકારની કેબિનેટમાં વિભાગોની ફેરબદલ થવાની શક્યતા છે એ સાથે પ્રદેશ નેતાગીરીમાં પણ મોટા ફેરફારો આવી રહ્યાં છે. હાલના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને તેમની પ્રદેશ ટીમનું ભાવિ ૨૩મી મે પછી નક્કી થશે.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો મળી હતી તે નરેન્દ્ર મોદીને આભારી છે પરંતુ ૨૦૧૯ની ચૂંટણીમાં મોદી વેવ જોવા મળ્યો નથી તેથી ભાજપને તમામ બેઠકો મળવી અશક્ય છે તેવી ચર્ચા થઇ રહી છે. ગઇ લોકસભા ચૂંટણીમાં મોદી વડાપ્રધાન બન્યા હતા ત્યારપછી ગુજરાતની કમાન આનંદીબહેન પટેલને સોંપવામાં આવી હતી પરંતુ પાટીદાર અનામત આંદોલનના કારણે તેમને ખુરશી ખાલી કરવી પડી હતી અને મુખ્યમંત્રી પદે વિજય રૂપાણીની પસંદગી કરવામાં આવી હતી.

ગુજરાતમાં વિજય રૂપાણીના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી લડવામાં આવી હતી પરંતુ ભાજપને ૧૯૯૫ની ચૂંટણી પછી પહેલીવાર ૯૯ બેઠકો મળી હતી. ગુજરાતમાં પાટીદારોને સાચવવા માટે નાયબ મુખ્યમંત્રીની પોસ્ટ ઉભી કરીને નિતીન પટેલને આ પદ આપવામાં આવ્યું હતું પરંતુ મુખ્યમંત્રી અને તેમની વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો હોવાથી ભાજપનું મોવડીમંડળ ચિંતામાં છે. ગુજરાતમાંથી નિતીન પટેલને ખસેડવા માટે હાઇકમાન્ડે નિતીન પટેલને મહેસાણા લોકસભા બેઠક ઓફર કરી હતી પરંતુ તેમણે ચૂંટણી લડવાનો ઇન્કાર કરી દીધો હતો.

ગુજરાતમાં મોદીના ગયા પછી એવું પણ જોવામાં આવ્યું છે કે રૂપાણી સરકાર અને પ્રદેશ સંગઠન વચ્ચે મનમેળ નથી. સરકારના આદેશોનું પાલન સંગઠન કરતું નથી. સરકારની યોજનાઓનો પ્રચાર કરવાની સંગઠનની ફરજ છે પરંતુ હાલનું સંગઠન સરકારી યોજનાઓનો પ્રચાર કરતું નથી તેથી હાઇકમાન્ડ

● અનુસંધાન પાન-૭ પર

બેસણું (પઘડી)

તમે એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા,
જીંદગી હતી ટૂંકી છતા લાગણી ઘણી મુકી ગયા,
જીવ્યા થોડું પણ બધાના દિલ જીતી ગયા.

અમારા સુપુત્ર અનુપ સી.જાની તા.૨૩-૦૪-૨૦૧૯ના રોજ દેવલોક પામ્યા છે
સદ્‌ગતનું બેસણું (પઘડી) તા. ૨૬-૦૪-૨૦૧૯ના રોજ
શુક્રવાર સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ- સિંધુધામ, ઝુલેલાલ સાંઇબાબા મંદિર, સેક્ટર-૩૦, ગાંધીનગર.

સ્વર્ગસ્થ ચંદ્રકાન્ત એલ. જાની
ગં.સ્વ. મીરા સી. જાની

વિનોદ એલ. જાની
ઈન્દ્રજીત એલ. જાની
લી.
રીટા વી. જાની
મીના આઈ. જાની

રૂપલ અનુપ જાની (પત્ની), તુમસી અનુપ જાની (પુત્રી),
દીપા દીપક ધનવાણી (બહેન)

તથા સમસ્ત જાની પરિવાર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com